EDI

Divyabhaskar (Supple.: Citybhaskar)

December 28, 2011

Page No. 1

# આંત્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ સ્થાનિક ભાષામાં અપાશે

## નાના બિઝનેસ પર્સન્સની પ્રગતિમાં ભાષાનું માધ્યમ બાધક બનશે નહીં

**સિટી રિપોર્ટર. અમદાવાદ.**

અંગ્રેજીથી અજાણ હોય અને માત્ર ગુજરાતી ભાષા જાણતા હોય તેવા સ્મોલ અને મીડિયમ સ્કેલ બિઝનેસપર્સન્સને આંત્રપ્રિન્યોરશિપની ટ્રેનિંગ આપવા માટે અમદાવાદમાં ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટ બનાવવામાં આવશે. રૂ.૫ કરોડ કરતા વધારે બજેટથી નિર્માણ પામનારા આ કેમ્પસમાં ગ્રાસરૂટ લેવલના નાના વેપારીઓને ટ્રેનિંગ આપવાની સાથે તેમના રહેવા માટે હોસ્ટેલ સહિત અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડ પણ પૂરી પાડવામાંઆવશે. રાજ્યના ઉદ્યોગ વિભાગની પાંખ સીઈડી દ્વારા તૈયાર કરવામાં આવતા આ કેમ્પસનો મુખ્ય ઉદ્દેશ સ્થાનિક ભાષામાં તાલીમ આપવા અને મોટી સંખ્યામાં લોકોની જરૂરિયાતને સંતોષવા માટે રાજ્યની પોતાની સંસ્થા હોવી જરૂરી હતી.

### નરોડામાં વિશાળ કેમ્પસ બનશે

સીઈડીના ડિરેક્ટર ચંદન ચેટરજીએ જણાવ્યું હતું કે, રાજ્યની કોઈ પણ વ્યક્તિને સ્થાનિક ભાષાઓમાં ઉદ્યોગસાહસિક બનવા માટે પ્રેરણા અને તાલીમ આપી શકાય તે માટે શહેરના નરોડા નજીક ૫,૭૨૫ ચોરસ મીટર વિસ્તારમાં સીઈડીનું વિશાળ કેમ્પસ વિકસાવવામાં આવી રહ્યું છે. દેશની અગ્રણી સંસ્થા આન્ત્રપ્રિન્યોર ડેવલોપમેન્ટ ઈન્સ્ટિટયૂટ (ઈડીઆઈ) કરતાં સીઈડીનું કેમ્પસ વધારે વિશાળ હશે. ઈડીઆઈની જેમ જ સીઈડીનો મુખ્ય હેતુ પણ આંત્રપ્રિન્યોરશિપને તાલીમ આપવાનો જ છે, પરંતુ આ બંને સંસ્થાઓના કોર્સ અને સ્ટુડન્ટ્સમાં બહુ મોટો તફાવત છે.

### ચેમ્બર ઓફ કોમર્સ સાથે એમઓયુ

ઈડીઆઈમાં એન્ટ્રન્સ એક્ઝામ દ્વારા સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે, જ્યારે સીઈડીમાં નાના પાયે પોતાનો વ્યવસાય કરતાં સમગ્ર રાજ્યના વેપારીઓને તાલીમ આપવામાં આવશે. ચેટરજીએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના યુવાનોને મદદ કરીને સ્થાનિક માંગ અનુસાર નાના ઉદ્યોગ સ્થાપવામાં મદદ કરવાનો અમારો આશય છે. કોઈ પણ વ્યક્તિ આ સંસ્થામાં પ્રવેશ મેળવી શકે છે. આ માટે એન્જિનિયરિંગ એસોસિએશન સાથે ટાઈઅપ કરવામાં આવ્યું છે, તે ઉપરાંત ચેમ્બર ઓફ કોમર્સ સાથે એમઓયુ સાઈન કર્યા છે જેમાં તેમના બાળકોને ઉદ્યોગસાહસિકતાની તાલીમ સાથે તેમની મદદ લેવામાં આવશે.

### ટ્રેનિંગ બાદ લોન પણ મળશે

દેશ-વિદેશના ઉદ્યોગપતિઓ તથા નિષ્ણાતોનું ગાઈડન્સ મેળવવા માટે વીડિયો કોન્ફરન્સ ની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાતમાં આવેલા સીઈડીના અન્ય પાંચ સેન્ટર ખાતે કોન્ફરન્સ દ્વારા નિષ્ણાતોની સેવા મેળવી શકાશે. કેમ્પસમાં બહારગામથી આવનાર વિદ્યાર્થીઓના રહેવા માટે હોસ્ટેલ ઊભી કરાશે. સીઈડી તથા ઉદ્યોગ વિભાગની યોજના હેઠળ વર્ષ દરમિયાન ૪૦૦૦ જેટલા લોકોને તાલીમ અપાય છે. અત્યાર સુધી ૨૩,૦૦૦ જેટલા યુવાનોને વિવિધ તાલીમ આપવામાં આવી છે. આ નવા કેમ્પસમાં વાર્ષિક ૫૦૦ ઉદ્યોગસાહસિકોને તાલીમ આપવાનું આયોજન કરાયું છે. તાલીમ પૂર્ણ કરનારા વેપારી- વિદ્યાર્થીને વાજપેયી યોજના હેઠળ બેન્ક દ્વારા લોન પણ મળી શકશે.

નરોડા ખાતેના સીઈડી કેમ્પસનું કન્સ્ટ્રક્શન એક વર્ષમાં પૂરું થઈ જવાની અપેક્ષા છે. પ્રાથમિક તબક્કામાં રૂ. ૫ કરોડ કરતા વધારેના ખર્ચે આ કેમ્પસ તૈયાર થશે. આ નવા કેમ્પસમાં ડિજિટલ ક્લાસરૂમ, ઓડિટોરિયમ, કમ્પ્યૂટર લેબ, આઈટી આધારિત સેવાઓ, એમ્ફી થિયેટર, લાઈબ્રેરી અને ૨૫ કરતા વધારે ક્લાસરૂમ બનાવવામાં આવશે. ટ્રેનિંગ માટે આવતા વિદ્યાર્થીઓ માટે આઉટડોર લેક્ચર્સ, સેમિનાર, ઈન્ડસ્ટ્રીની મુલાકાત સહિતના પાસાઓને આવરી લેવામાં આવશે. આ સેન્ટરમાં ટૂંકાથી માંડીને મધ્યમ ગાળાના ટ્રેનિંગ કોર્સ ચલાવવામાં આવશે.